અપીલ અરજી નં.૧૨૫ તા.૧૫–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પરસોતમભાઈ એમ. મોર્યા
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરસોતમભાઈ એમ. મોર્યાની તા. ૧૫–૪–૧૧ની અરજી થી વેસુ , સુડા આવાસ ટી. પી .નં ૧ ,ફા, પ્લોટ નં .૧૭૦ , બ્લોક નં ,૧થી ૨૩–૨૩એ મુદ્દા નં (૧) ઉપરોકત મકાનો સુડા ધ્વારા બનાવાયા છે. તેમાં ૧થી ૨૩ નંબરના મકાનોને એસ. એમ સી. ધ્વારા બ્લોક દીઠ માત્ર એક જ જોડાણ (૧'') એક ઈંચની આપવામાં આવેલ છે પરંતુ બ્લોક નં ૨૩–એ માં ગ્રા.+ ૩ માળ એટલે કે ૪ દુકાન+૬ ફલેટ છે. દુકાનો હાલ સુડાના કબજામાં છે તે મકાનમાં ફલેટ દીઠ ૦//'' નું કનેકશન અલગ અલગ નામથી એક જ ટાંકામાં આપેલ છે. આ કનેકશન કયા આધારે આપ્યા ? તથા કાયદાકીય નિતી નિયમ જણાવો અને સ્થળ તપાસ અધિકારીનું નામ તથા હોદો જણાવો વિ. મુદા નં. ૧થી ૩ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૬–૧૧**SMC/FAP/** નં.૧૨૫/૨૦૧૧–૧૨

શ્રી પરસોતમભાઈ એમ. મોર્યા ની તા. ૧૫–૪–૧૧ની અરજી થી વેસુ , સુડા આવાસ ટી. પી .નં ૧ ,ફા, પ્લોટ નં .૧૭૦ , બ્લોક નં ,૧થી ૨૩–૨૩એ મુદ્દા નં (૧) ઉપરોકત મકાનો સુડા ધ્વારા બનાવાયા છે. તેમાં ૧થી ૨૩ નંબરના મકાનોને એસ. એમ સી. ધ્વારા બ્લોક દીઠ માત્ર એક જ જોડાણ (૧'') એક ઈંચની આપવામાં આવેલ છે. પરંતુ બ્લોક નં ૨૩–એ માં ગ્રા.+3 માળ એટલે કે ૪ દુકાન+૬ ફલેટ છે. દુકાનો હાલ સુડાના કબજામાં છે તે મકાનમાં ફલટે દીઠ ૦//'' નું કનેકશન અલગ અલગ નામથી એક જ ટાંકામાં આપેલ છે. આ કનેકશન કયા આધારે આપ્યા ? તથા કાયદાકીય નિતી નિયમ જણાવો અને સ્થળ તપાસ અધિકારીનું નામ તથા હોદો જણાવો વિ. મુદા નં. ૧થી ૩ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્રનં સા.વે ઝોન (અઠવા) આ ૧૬૧તા. ૧૯–૫– ૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ મુદ્દા નં–૨ની કોઈ માહિતી નહી આપ્યાનું તથા નં–૧ અને ૩ની અધૂરી માહિતી મળેલ હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૬–૬–૧૧ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો , વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા, અરજદારે માગેલ નીતિ નિયમોની નકલ મોકલવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૫ તા.૨૪–૬–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં ૧અને ૨ અંગે મળેલ માહિતી અધુરી છે તે અંગેની રજૂઆતના સમર્થનમાં આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં.૨૭૭ તા.૨૯–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારનુ મુળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી રાંદેરઝોનને પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૬૫ તા.૧૯–૪–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે ફી ભરવા જણાવેલ પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૪૬ તા.૧૩–૫–૧૧ ની નકલ તથા માહિતી રીસીવ કર્યા અંગેની પહોંચની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૩૬૮ તા.૫–૭–૧૧ થી પૂરક વિગતોમાં પાણી જોડાણ આપવાના નિતી નિયમોની નકલ, અરજદારનુ મુળ અરજીની નકલ ફી ભર્યાની રસીદની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૪–૭–૧૧ ના પત્રની નકલ , અરજી ફી રૂા.૨૦/– ભર્યા અંગેની રસીદ નં.૩૬૪૧૧૪ તા.૧૫–૪–૧૧ ની રસીદની નકલ,માહિતી મેળવવા રૂા.૪/– નાણા વેસ્ટઝોન ખાતે ભર્યા અંગેની નકલ રસીદ નં.૩૪૮૪૨૫ તા.૧૬–૫–૧૧ ની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૧ તા.૧૯–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૫–૪–૧૧ અરજીથી વેસુ સુડા આવાસ ટી નં.૧ ફા.પ્લોટ નં.૧૭૦ બ્લોક નં.૧ થી ૨૩ અને ૨૩/એ નળ જોડાણ, ગટર જોડાણ અને વેરા અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૬૫ તા.૧૯–૪–૧૧ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૧૪૬ તા.૧૩–૫–૧૧ થી વેરા અંગેની માહિતી આપવા ફી ભરવા પત્ર પાઠવવામાં આવેલ. જયારે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૧ તા.૧૯–૫–૧૧ થી નળ જોડાણ અંગેની માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી અધૂરી તથા મુદ્દા નં. ૨ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી તા.૧૬–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજીના મુદા નં (૧) ઉપરોકત મકાનો સુડા ધ્વારા બનાવાયા છે. તેમાં ૧થી ૨૩ નંબરના મકાનોને એસ. એમ સી. ધ્વારા બ્લોક દીઠ માત્ર એક જ જોડાણ (૧'') એક ઈંચની આપવામાં આવેલ છે. પરંતુ બ્લોક નં ૨૩–એ માં ગ્રા.+3 માળ એટલે કે ૪ દુકાન+૬ ફલેટ છે. દુકાનો હાલ સુડાના કબજામાં છે તે મકાનમાં ફલટે દીઠ ૦//'' નું કનેકશન અલગ અલગ નામથી એક જ ટાંકામાં આપેલ છે. આ કનેકશન કયા આધારે આપ્યા ? તથા કાયદાકીય નિતી નિયમ જણાવો અને સ્થળ તપાસ

અધિકારીનું નામ તથા હોદો જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી અરજદારે માંગેલ ટેના નંબર ૧ ૭બી–૧૬–૦૯૬૧–૦–૦૦૧ વાળી મિલ્કતની માંગ્યા મુજબની માહિતીની નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ નકલ ૨×૨ –રૂા.૪/– ભર્યેથી વેસ્ટઝોન કચેરીએ ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આનં.૧૬૧ તા.૧૯–૫–૧૧ થી " સુમપાના પ્રવર્તમાન નિતી નિયમો મુજબ કોઈ પણ લો રાઈઝ એપાર્ટ. માં કુલ ૧ થી ૮ ફલેટો આવેલા હોય તો ૧ થી ૮ ફલેટ હોલ્ડરોના નામે અલગ અલગ અડધા ઈંચનું નળ જોડાણ આપી શકાય તેવું જણાવેલ છે તથા વધુમાં સ્થળ તપાસ કરનાર કર્મચારીનું નામ ચંદ્રેશ એચ. મોદી લીકેજ ઈન્સ્પેકટરનું નામ જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧ માં વેસુ ફા.પ્લોટ નં.૧૦૦ ટીપી .૧ સુડા આવાસ એલ.આઈ.જી. પુજા અભિષેક સામેમાં બ્લોક નં.૨૩–એ માં ગ્રાઉન્ડ ફલોર માં ચાર દુકાનો બનાવવામાં આવેલ છે તથા એજ બ્લોકમાં ૨૩–એ માં દરેક માળ પર બે બે ફલેટ કુલ ૬ ફલેટ બનાવવામાં આવેલા છે ઉપરોકત બ્લોક નં.૨૩–એ માં દુકાન તથા ફલેટના પાણી કનેકશન ફલેટ દીઠ અડધા ઈંચ ના કુલ ૬ કનેકશન અલગ અલગ એક જ ટાંકામાં આપેલ છે તેમજ મીટર લગાડેલ નથી તેમજ દુકાન કનેકશન બાકી છે. જેમાં અધિકારીઓના હોદ્દાની વિગત પણ આપવામાં આવેલ નથી તેવી રજૂઆત અંગે અરજદારને લો રાઈઝ એપાર્ટ. માં ૧ થી ૮ ફલેટ હોય તો અલગ અલગ અડધાનું નળ જોડાણ આપી શકાય તેવું જણાવી માહિતી પૂરી પાડેલ છે તથા હોદ્દામાં પણ ચંદ્રેશ એચ મોદી લીકેજ ઈન્સ્પેકટર જણાવવામાં આવેલ છે આમ તે અંગે માહિતી પૂરી પાડેલ છે. જયારે મીટર બાબતેનો પ્રશ્ન મુળ અરજીથી અલાયદો છે. મુદ્દા નં.(૨) વેસુ –સુડા આવાસ ટીપી નં.૧ ફા.પ્લોટ નં.૧૭૦ ના બ્લોક નં.૧ થી ૨૩ (એ) સુધી પાણી ખાતાએ કેટલાના ગટર કનેકશન રૂપિયા ભર્યાની રસીદની ઝેરોક્ષ લીધી છે કે નહીં અને જેણે રૂપિયા ન ભર્યા હોય છતાં પાણી કનેકશન લીધુ હોય તે બાબતે શી કાર્યવાહી કરી છે? અથવા કયા કારણસર કનેકશન આપેલ છે તે અધિકારીનું નામ તથા હોદ્દો જણાવો. મુદ્દા નં.(૩) બેજનવાલા કોમ્પલેક્ષ, તાડવાડી ફલેટ નં.જે–૧૦૩, ( ઝોન ઓફિસ સામે) નો વેરા કોના નામથી તથા કેટલા સમયથી ભરાય છે તે જણાવો તથા એના પહેલા કોના નામથી ભરાતા અને કેટલા સમયથી ભરાતા હતા તે જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૪૬ તા.૧૩–૫–૧૧ થી " અરજદારે માંગેલ ટેના નં.૧૭બી –૧૬ –૦૯૬૧–૦–૦૦૧ વાળી મિલ્કતની માંગ્યા મુજબની માહિતીની નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ નકલ–૨ ના રૂા.૪/– ભર્યેથી રાંદેરઝોન ખાતેથી મળી શકશે તેવું જણાવેલ. જે અંગે અરજદારે તા.૧૬–૫–૧૧ ના રોજ દસ્તાવેજ ફી પણ ભરપાઈ કરી મેળવેલ પહોંચ રજૂ કરેલ છે જેથી આ મુદ્દા અંગે આંશિક માહિતી મળ્યાનું જણાય છે. જેમાં અરજદારે અપીલ તબકકે તા.૪–૭–૧૧ થી મુદ્દા નં.૩ માં જે ફલેટના જેના નામથી વેરાની માંગણી કરેલ છે તે વેરો ભર્યાની રસીદ આપેલ છે પરંતુ અમારી માંગણી ફલેટ હોલ્ડર કેટલા સમયથી અને તે ફલેટમાં તેના નામ પર કઈ તારીખે અને કયા આધારે પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તે વિગતો આપવામાં આવેલ નથી. તેથી માહિતી અધૂરી હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કક્ષાએથી મુદ્દા નં.૧ અંગે નિતી નિયમોનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ નીતિ નિયમો જણાવેલ નથી કે તેની નકલ આપેલ નથી. જયારે મુદ્દા નં.૨ અંગે ની માહિતી પૂરી પાડેલ જણાતી નથી કે માહિતી અંગે અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી તથા મુદ્દા નં.૩ અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કક્ષાએથી "કેટલા સમયથી" તેની માહિતી આપેલ જણાતી નથી. મુદ્દા નં.૧ માં પાણીના મીટર અંગે તથા મુદ્દા નં.૩ માં અરજદારે આકારણી દાખલના પુરાવા અંગે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ ની નીતિનિયમોની આંશિક તથા મુદ્દા નં. ૨ ની જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તથા મુદ્દા નં.૨ ની "કેટલા સમયથી વેરા ભરાય છે." તેની નહીં આપેલ માહિતી દફતરી હકીકતલક્ષી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. અરજદારે મુદ્દા નં.૧ માં પાણીના મીટર અંગે તથા મુદ્દા નં.૩ માં આકારણી દાખલના પુરાવા અંગે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈના નિયમ અને જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પરસોતમભાઈ એમ. મોર્યા,